# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૧૦/૯/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ભારતમાં સ્ટીલની સ્પેશ્યલાઇઝ પ્રોડકટ અંગે આર એન્ડ ડી કરવામાં આવે : ઉદ્યોગકારોની દેશના સ્ટીલ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ મંત્રી સમક્ષ રજૂઆત

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીમાં ભારત સરકારના રાજ્ય કક્ષાના સ્ટીલ અને રૂરલ ડેવલપમેન્ટ મંત્રી ફગ્ગન સિંઘ કુલસ્તે સાથે ઉદ્યોગકારોની મિટીંગ મળી હતી. જેમાં કેન્દ્રીય સ્ટીલ મંત્રી ફગ્ગન સિંઘ કુલસ્તેએ જણાવ્યું હતું કે, સ્ટીલ આયર્નની વધતી કિંમતો ઉપર કાબૂ મેળવી શકાય તેમજ દેશમાં તેની કમતરતાને નાથવા માટે સરકાર દ્વારા સ્ટીલ આયર્નનું એકસપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું છે. રૂરલ એરિયામાં સ્કીલ ડેવલપમેન્ટ માટે સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારી વધે તે દિશામાં ધ્યાન આપવામાં આવી રહયું છે અને સરકારને આ અંગે ઘણી સફળતા પણ મળી છે.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે ચેમ્બર દ્વારા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં કરવામાં આવતી પ્રવૃત્તિ વિશે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ મિટીંગમાં ઉપસ્થિત ઉદ્યોગકારો દ્વારા મંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ ચેતન શાહે મંત્રી સમક્ષ એવી રજૂઆત કરી હતી કે ઓછામાં ઓછા બે વર્ષ સુધી સ્ટીલના સ્ક્રેપનું એકસપોર્ટ બંધ કરવામાં આવે અને તેનો બધો ઉપયોગ ભારતમાં જ કરવામાં આવે. મંત્રીએ આ રજૂઆતની નોંધ લીધી હતી. આ ઉપરાંત મિટીંગમાં અન્ય ઉદ્યોગકારો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, સ્ટીલથી ઉત્પાદિત થતી જુદી–જુદી વસ્તુઓ ઉપર આર એન્ડ ડી કરવામાં આવે. સ્ટીલની ઘણી સ્પેશ્યલાઇઝ પ્રોડકટ આયાત કરવામાં આવે છે ત્યારે આયાત થતી આ બધી પ્રોડકટ ભારતમાં જ ડેવલપ થાય તે દિશામાં સરકાર દ્વારા ખાસ પ્રયાસ કરવામાં આવે.